GJBN030000352026

| | | |
|---|---|---|
| રજૂ તારીખ | : | ૦૫/૦૧/૨૦૨૬ |
| દાખલ તારીખ | : | ૦૫/૦૧/૨૦૨૬ |
| ફેંસલ તારીખ | : | ૩૦/૦૬/૨૦૨૬ |
| સમય અવધિ | | વર્ષ ૦૦, માસ ૦૫, દિવસ ૨૫ |

# ઘોઘાના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ.ઘોઘા,જિ-ભાવનગર.

**શ્રી એ.એસ.ગોયલ-જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ**

**ફોજદારી કેસ નંબર–૩૫/૨૦૨૬**

**જજમેન્ટ આંકઃ–...............**

| ગુનાની વિગત | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧, ૧૦૬(૨) તથા એમ.વી. એક્ટ કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ |
| એફ.આઇ.આર.નં. | પાર્ટ એ.૧૧૧૯૮૦૨૦૨૪૦૯૮૫/૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | ઘોઘા પો.સ્ટે.,તા–ઘોઘા, જિ–ભાવનગર. |

**ફરીયાદીઃ–** **શ્રી સરકાર**

ફરીયાદ પક્ષે વિ.મદદનીશ સરકારી વકીલશ્રી એચ.બી.ચોગી.

**વિરૂદ્ધ**

**આરોપીઃ–** (૧) **રમેશભાઇ મેપાભાઇ બતાડા.**
ઉ.વ.૩૭,ધંધો–ડ્રાઇવિંગ,
રહે.જસપરા ગામ તા.જસપરા,જિ–ભાવનગર.

આરોપી તરફે વિ.વકીલશ્રી યુ.બી.ગોહિલ.

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૩૧/૧૨/૨૦૨૪ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | ૩૧/૧૨/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૦૫/૦૧/૨૦૨૬ |
| તહોમતનામા/પ્લી ની તારીખ | ૦૯/૦૪/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૩૦/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૩૦/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(જો લાગુ પડે તો) | – |

:: આરોપીની વિગત ::

| આરોપીનો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુક્તિની તારીખ | ગુન્હાનું તહોમત | શું નિર્દોષ છોડ્યા / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો ફો.કા.સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | રમેશભાઇ મેપાભાઇ બતાડા. | - | - | બી.એન.એસ.કલમ-૨૮૧,૧૦૬(૨)તથા એમ.વી.એક્ટ કલમ-૧૭૭,૧૮૪,૧૩૪ | નિર્દોષ છોડ્યા | - | - |

:: નમુનો-ક ::

**<u>ફરીયાદી/બચાવ/ન્યાયાલયના સાક્ષીની યાદી</u>**

અ.ફરીયાદ પક્ષના સાહેદ

| અનુક્રમ | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સા.૧ | નીતેશભાઇ નારણભાઇ બારૈયા. | ૦૭ | ફરીયાદી |
| ફ.સા.૨ | અરૂણભાઇ રાધેશભાઇ બારૈયા | ૦૯ | સાહેદ |
| ફ.સા.૩ | મંગુબેન રાધેશભાઇ બારૈયા | ૧૦ | સાહેદ. |

બ.બચાવ પક્ષના સાહેદ

| અનુ ક્ર. | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| | | | |

કોર્ટના સાહેદ

| અનુ ક્ર. | નામ | આંક | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| | | | |

**<u>ફરીયાદી/બચાવ/ન્યાયાલયના આંકની યાદી</u>**

અ.ફરીયાદ પક્ષના આંક

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક -૦૮ | ફરીયાદ. |
| ૨. | આંક-૧૧ | એફ.આઇ.આર. |
| ૩. | આંક -૧૨ | ગુન્હાવાળી જગ્યાનું પંચનામું. |
| ૪. | આંક -૧૩ | ઇન્કવેસ્ટ પંચનામું. |
| ૫. | આંક-૧૪ | મુદ્દામાલ કબ્જે કર્યાનું પંચનામું. |
| ૬. | આંક-૧૫ | પી.એમ.નોટ. |
| ૭. | આંક-૧૬ | કલોઝીંગ પુરસીસ. |

બ.બચાવ

| અનુ ક્રુ. | આંક સંખ્યા | વર્ણન. |
|---|---|---|
| ૧. | - | - |

ક. ન્યાયાલય આંક

| અનુ | આંક સંખ્યા | વર્ણન. |
|---|---|---|

| | | |
|---|---|---|
| ક્રુ. | | |
| ૧. | – | – |

ડ.ભૌતિક પદાર્થ.

| અનુ ક્રુ. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન. |
|---|---|---|
| ૧. | ૧ | એક કાપડની બેગીમાં પ્લાસ્ટીકની થેલીમાં બનાવવાળી જગ્યાએથી લોહીવાળી માટી ભરેલ છે તે શીલપેક બેગી. |
| ૨. | ૧ | એક કાપડની બેગીમાં પ્લાસ્ટીકની થેલીમાં બનાવવાળી જગ્યાની બાજુમાંથી માટી ભરેલ છે તે શીલપેક બેગી. |
| ૩. | ૧ | એક લંબચોરસ ખાખી બોક્સમાં Cloth તથા 05cc બ્લડ સેમ્પલ છે તે શીલપેક. |

## – ચુકાદો –

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૩૧/૧૨/૨૦૨૪ કલાક ૧૯/૧૫ વાગ્યે આ કામના એસ.ટી. બસના નંબર જીજે–૧૮–ઝેડ–૬૪૬૩ ના ચાલકે તેની એસ.ટી. બસ પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી આવી ફરીયાદીના ભાઈ મરણજનાર રાઘેશભાઈ નારણભાઈ બારૈયા ઉ.વ.૪૨ રહે.ભાવનગરવાળાના મો.સા. નં. જીજે–૦૪–એક્યુ–૪૭૪૬ સાથે સામેથી આવી ભટકાડી દેતા માથાના ભાગે ગંભીર ઈજા થતા મોત નીપજાવી ગુન્હો કરેલ આ બાબતની ફરીયાદ ઘોઘા પોલીસે પાર્ટ એ.ગુ.ર.નં.૧૧૧૯૮૦૨૦૨૪૦૯૮૫/૨૦૨૪ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ–૨૮૧,૧૦૬(૨) તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭,૧૮૪,૧૩૪ મુજબનો ગુનો દાખલ કરી, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસ કરી, તપાસના અંતે જરૂરી પુરાવો એકત્રિત કરી, આરોપીઓ વિરૂદ્ધ આ અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં કરવામાં આવેલ છે.

**(૨) આરોપીઓ હાજર થયે કાર્યવાહીઃ–**

ઉપરોક્ત ગુન્હાના કામે આરોપી વિરૂદ્ધનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજૂ થતાં તે આધારે આરોપીને સમન્સ/વોરંટ કાઢવામાં આવેલ, જે સમન્સ/વોરંટ આરોપીને બજી જતા આરોપી આ અદાલત સમક્ષ હાજર થતા તેને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૩૦ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપી અને આંક–૦૫ થી તહોમતનામું ફરમાવી, આરોપીનું પ્રાથમિક નિવેદન આંક–૦૬ થી લેવામાં આવતાં આરોપીએ ગુન્હા અંગેનો ઈન્કાર કરેલ છે. જેથી સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફે પોતાનો પુરાવો પુરો થયાનું જાહેર થતાં હાલના કામે આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૧૫ અન્વયે વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો ન હોય, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી.

(૪) કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, તા.૩૧/૧૨/૨૦૨૪ કલાક ૧૯/૧૫ વાગ્યે આ કામના એસ.ટી. બસના નંબર જીજે-૧૮-ઝેડ-૬૪૬૩ ના ચાલકે તેની એસ.ટી. બસ પુરઝડપે અને બેફિકરાઈથી ચલાવી આવી ફરીયાદીના ભાઈ મરણજનાર રાધેશભાઈ નારણભાઈ બારૈયા ઉ.વ.૪૨ રહે.ભાવનગરવાળાના મો.સા. નં. જીજે-૦૪-એક્યુ-૪૭૪૬ સાથે સામેથી આવી ભટકાડી દેતા માથાના ભાગે ગંભીર ઈજા થતા મોત નીપજાવી ગુન્હો કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧,૧૦૬(૨) મુજબનો શિક્ષા અને દંડને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૫) ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો અને કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**કારણો::-**

(૬) પ્રસ્તુત કેસમાં ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧, ૧૦૬(૨) તથા એમ.વી.એક્ટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના ગુનાનો આરોપ મુકવામાં આવેલ છે.

(૭) આરોપી પરનો આરોપ ભારતીય ન્યાયશાસ્ત્રનાં સ્થાપિત સિદ્ધાંતો અન્વયે નિઃશંકપણે સાબિત કરવાનો બોજો પ્રોસીક્યુશન પક્ષે રહેલ છે ત્યારે સદર કામે પ્રોસીક્યુશન પક્ષે જે પુરાવો રજૂ થયેલ છે તે વંચાણે લેવામાં આવે તો, **ફરીયાદી નીતેશભાઈ નારણભાઈ બારૈયા**નાઓએ તેઓની આંક-૦૭ થી સોગંદ ઉપરની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, આ કામે અકસ્માતમા અવસાન જનાર રાધેશભાઈ મારા મોટાભાઈ થાય છે અને તા.૩૧/૧૨/૨૪ ના રોજ સાંજના સાડા સાતેક વાગ્યાના સુમારે હું મારા દવાખાને કોળીયાક મુકામે હાજર હતો તે વખતે મને ફોનથી જાણ થયેલ કે મારા મોટાભાઈ રાધેશભાઈનુ હાથબ-બોરડા વિસ્તારમા રાતાનાળા પાસે એસ.ટી.બસ સાથે અકસ્માત થયેલ છે અને તે કોળીયાક દવાખાને ૧૦૮ મા સારવાર માટે લઈ જાય છે તેવી જાણ થતા હું સિધો કોળીયાક સરકારી દવાખાને આવેલ તો એસ.ટી.ના નં. જી જે.૧૮ ઝેડ ૬૪૬૩ ના ડ્રાઈવર તથા કન્ડકટર મારાભાઈ રાધેશભાઈને સારવારમા લાવેલ હતા અને ડોકટર સાહેબે મારાભાઈને તપાસી અવસાન ગયેલ હોવાનુ જાહેર કરતા તેમનું લાશનુ પી.એમ.કરાવી અમે તેની અંતિમવિધિ કરેલ હતી. મે આ કામે એસ.ટી.બસના રજી. નં.જી જે.૧૮ ઝેડ ૬૪૬૩ ના ચાલક સામે પોતાની બસ પુરઝડપે બે ફીકરાઈથી ચલાવી મારાભાઈના

મો.સા.નં.જી.જે.૦૪ એ.કયુ.૪૭૪૬ સાથે અકસ્માત કરી મારાભાઈને માથામા તથા જમણા ગાલ ઉપર તથા કાન પાસે ગંભીર ઈજા થતા તેઓ અવસાન ગયેલ હોય મે બસના ચાલક સામે ફરીયાદ આપેલી. સાહેદ આંક–૦૮ વાળી ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે.આ કામે એસ.ટી.બસના ડ્રાઈવરને ઓળખુ છુ. આજરોજ નામદાર કોર્ટમા હાજર છે તે તેજ છે. આ સિવાય હું કાંઈ કહેવા માંગતો નથી.

બચાવપક્ષની ઉલટ તપાસમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, બનાવ સમયે હું મારા દવાખાને હાજર હતો બનાવ મે નજરે જોયેલ ન હોય અકસ્માત કેવી રીતે થયેલો તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે હું આ કેસ આગળ ચલાવવા માંગતો નથી.

આમ, ફરીયાદીની જુબાનીનું મુલ્યાંકન કરવામાં આવે તો કહેવાતો અકસ્માત થયેલ હોવાની હકીકત તથા સદર અકસ્માતમાં તેઓના ભાઈને ગંભીર ઈજા થવાને કારણે અવસાન થયેલ હોવાની હકીકત જણાય આવે છે. પરંતુ બચાવપક્ષની ઉલટ તપાસ મુજબ બનાવ સમયે તેઓ તેના દવાખાને હાજર હતા તેથી બનાવ તેઓએ નજરે જોયેલ ન હોય અકસ્માત કેવી રીતે થયેલો તે તેઓ કહી શકે નહીં. તથા તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા ન હોવાનું જણાય આવે છે. આમ, ફરીયાદની જુબાનીથી કહેવાતા અકસ્માતમાં આરોપી જ પોતાની બસ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી અકસ્માત કરેલ હોય તેવું ફલિત થતું નથી.

(૮) વધુમાં ફરીયાદપક્ષ તરફે **આંક–૦૯** થી સાહેદ અરૂણભાઈ રાધેશભાઈ બારૈયાનાઓએ તેઓની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામે અકસ્માતમા અવસાન જનાર રાધેશભાઈ મારા પિતાજી થાય છે અને તા.૩૧/૧૨/૨૪ ના રોજ સાંજના સાડા સાતેક વાગ્યાના સુમારે હું મેડીકલ સ્ટોર કોળીયાક મુકામે હાજર હતો તે વખતે મને ફોનથી જાણ થયેલ કે મારા પિતાજી રાધેશભાઈનુ હાથબ–બોરડા વિસ્તારમા રાતાનાળા પાસે એસ.ટી.બસ સાથે અકસ્માત થયેલ છે અને તેને કોળીયાક દવાખાને ૧૦૮ મા સારવાર માટે લઈ જાય છે તેવી જાણ થતા હું સિધો કોળીયાક સરકારી દવાખાને આવેલ તો એસ.ટી.ના નં.જી જે.૧૮ ઝેડ ૬૪૬૩ ના ડ્રાઈવર તથા કન્ડકટર મારા પિતાજી રાધેશભાઈને સારવારમા લાવેલ હતા અને ડોકટર સાહેબે પિતાજીને તપાસી અવસાન ગયેલ હોવાનુ જાહેર કરતા તેમનુ લાશનુ પી.એમ.કરાવી અમે તેની અંતિમવિધિ કરેલ હતી. મે આ કામે એસ.ટી.બસના રજી. નં.જી જે.૧૮ ઝેડ ૬૪૬૩ના ચાલક સામે પોતાની બસ પુરઝડપે બે ફીકરાઈથી ચલાવી મારા પિતાજીના મો.સા.નં.જી.જે.૦૪ એ.કયુ.૪૭૪૬ સાથે અકસ્માત કરી તેમને માથામા તથા જમણા ગાલ ઉપર તથા કાન પાસે ગંભીર ઈજા થતા તેઓ અવસાન ગયેલ હોય મારા કાકા નિતેશભાઈએ બસના ચાલક સામે ફરીયાદ આપેલી. તે અનુસંધાને પોલીસે મારી પુછપરછ કરી મારો જવાબ લીધેલો. હું આ કામે એસ.ટી.બસના ડ્રાઈવરને ઓળખુ છુ. આજરોજ નામદાર કોર્ટમા હાજર છે તે તેજ છે. આ સિવાય હું કાંઈ કહેવા માંગતો નથી.

બચાવપક્ષની ઉલટ તપાસમાં સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે, બનાવ સમયે હું મારા મેડીકલ સ્ટોર પર હાજર હતો બનાવ મે નજરે જોયેલ ન હોય અકસ્માત કેવી રીતે થયેલો તે હું કહી શકું નહીં. એ વાત ખરી છે કે, આ કેસ આગળ ચલાવવા માંગતો નથી.

સદર સાહેદની જુબાનીનું મુલ્યાંકન કરતા એ હકીકત જણાય આવે છે કે, બનાવ સમયે તેઓ પોતાના મેડીકલ સ્ટોર પર હાજર હતા તેથી બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તથા કહેવાતો અકસ્માત કેવી રીતે થયેલો તે કહી શકે નહીં. તથા તેઓને આ કેસ આગળ ચલાવવો નથી તેવું જણાય આવે છે.

(૯) વધુમાં ફરીયાદપક્ષ તરફે **આંક–૧૦** થી સાહેદ મંગુબેન રાધેશભાઇ બારૈયાનાએ તેઓની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામે અકસ્માતમા અવસાન જનાર રાધેશભાઈ મારા પતિ થાય છે અને તા.૩૧/૧૨/૨૪ના રોજ સાંજના સાડા સાતેક વાગ્યાના સુમારે હું મારા ઘરે હાજર હતી તે વખતે મને ફોનથી જાણ થયેલ કે મારા પતિ રાધેશભાઈનુ હાથબ–બોરડા વિસ્તારમા રાતાનાળા પાસે એસ.ટી.બસ સાથે અકસ્માત થયેલ છે અને તેને કોળીયાક દવાખાને ૧૦૮ માં સારવાર માટે લઈ જાય છે તેવી જાણ થયેલી. બાદ ડોકટર સાહેબે મારા પતિને તપાસી અવસાન ગયેલ હોવાનુ જાહેર કરતા તેમનુ લાશનુ પી.એમ.કરાવી અમે તેની અંતિમવિધિ કરેલ હતી. મે આ કામે એસ.ટી.બસના રજી. નં.જી જે.૧૮ ઝેડ ૬૪૬૩ના ચાલક સામે પોતાની બસ પુરઝડપે બે ફીકરાઈથી ચલાવી મારા પિતના મો.સા.નં.જી.જે.૦૪ એ.કયુ.૪૭૪૬ સાથે અકસ્માત કરી તેમને માથામા તથા જમણા ગાલ ઉપર તથા કાન પાસે ગંભીર ઈજા થતા તેઓ અવસાન ગયેલ હોય. મારા દીયર નિતેશભાઈએ બસના ચાલક સામે ફરીયાદ આપેલી. તે અનુસંધાને પોલીસે મારી પુછપરછ કરી મારો જવાબ લીધેલો. હું આ કામે એસ.ટી.બસના ડ્રાઈવરને ઓળખી શકુ નહી. આ સિવાય હું કાંઈ કહેવા માંગતી નથી.

બચાવપક્ષ તરફે સાહેદની ઉલટ તપાસ કરેલ છે જેમા સાહેદ જણાવે છે કે, એ વાત ખરી છે કે બનાવ સમયે હું મારા ઘરે હાજર હતી બનાવ મે નજરે જોયેલ ન હોય અકસ્માત કેવી રીતે થયેલો તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે હું આ કેસ આગળ ચલાવવા માંગતી નથી.

આમ, સદર સાહેદ પણ બનાવ નજરે જોનાર સાહેદ નથી તેથી બનાવ અંગેની કોઇ જાત માહિતી નથી. તથા તેઓને આ કેસ આગળ ચલાવવા માંગતા ન હોવાનું જણાય આવે છે.

(૭) આમ,ફરીયાદપક્ષે રજૂ તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા પરથી ફરિયાદીના ભાઇ રાધેશભાઈનું હાલના બનાવમાં ગંભીર ઈજા થવાથી તેઓનું અવસાન થયેલ હોવાની હકીકત જણાય આવે છે. હાલના કામે ફરીયાદીએ બનાવ નજરે જોયેલ ન હોય જેથી કોની બેદરકારીને કારણે બનાવ બનેલ તે તેઓ કહી શકે નહીં. તથા આ કામે ફરીયાદીને હાલનો કેસને આગળ ચલાવવા માંગતા નથી તેવું જણાય આવે છે. તેમજ ફરીયાદીએ તેઓની સોગંદ ઉપરની જુબાનીની

ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, બનાવ સમયે તેઓ તેના દવાખાને હાજર હતા તેથી બનાવ તેઓએ નજરે જોયેલ ન હોય અકસ્માત કેવી રીતે થયેલો તે તેઓ કહી શકે નહીં. તથા તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા ન હોવાનું જણાય આવે છે. વધુમાં હાલના કામે ફરીયાદપક્ષ તરફે રજૂ સાહેદો તેઓની સોગંદ ઉપરની જુબાનીમા એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવ તેઓએ નજરે જોયેલ નથી. તથા તેઓ આ કેસ આગળ ચલાવવા માંગતા નથી. ફરીયાદીએ અને બંન્ને સાહેદોએ બનાવ નજરે જોયેલ નથી તથા બનાવ અંગેનું અંગત જ્ઞાન નથી ત્યારે ખરેખર એસ.ટી.બસના ડ્રાઇવર પોતાની બસ પુરઝડપે અને બેફિકરાઇથી ચલાવવાના કારણે હાલનો બનાવ બનેલ અને ફરિયાદીના ભાઇનું અવસાન થયેલ તેવું સ્પષ્ટપણે ફલિત થતુ નથી. આમ, આ બનાવ હાલના આરોપીએ, આક્ષેપ મુજબ વાહન પુરઝડપે તથા ગફલત ભરી રીતે બીજાની જિંગદી જોખમાય તે રીતે ચલાવી ફરીયાદીના ભાઇનું મૃત્યું નિપજાવેલ હોય કે બનાવ સમયે તેઓની ફરજોનું પાલન કરેલ ન હોય તેવી હકીકત ફલીત થતી નથી. જેથી આક્ષેપ મુજબનો ગુનો પુરવાર થતો નથી.

(૮) હાથ પરના કેસમાં રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં તેમજ કેસની હકીકત, સંજોગો તથા થયેલ દલીલો ધ્યાને લેતાં ફરીયાદ હકીકત મુજબના ગુન્હામાં આ કામના આરોપીની સંડોવણી હોય તેવું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાદપક્ષ આરોપીને ગુન્હા સાથે સાંકળતો કોઇ સીધો કે પ્રાથમિક પુરાવો રેકર્ડ ઉપર રજૂ કરી શકેલ નથી કે એવી કોઇ ક્રમબદ્ધ પુરાવાની અતુટ સાંકળ રચાતી નથી કે જેના કારણે આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય એવો કોઇ સાંયોગિક પુરાવો પણ રેકર્ડ ઉપર રજૂ થયેલ નથી કે જેથી આરોપીએ ફરીયાદ હકીકત મુજબનો ગુન્હો આચરેલ હોય તેવું અનુમાન થઇ શકે.વધુમાં સ્ટેટ ઓફ હરીયાણા વિ.શેરસિંઘ, ક્રિ.લો.જ.૨૦૦૯(૧),ક્રાઇમ્સ, પાના નં.૫ (એસ.સી)નાં ચૂકાદામાં નામદાર એપેલેટ કોર્ટે એવો સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, ઇ.પી.કો.ક.૨૭૯ ના ગુનામાં જ્યારે, ફરીયાદપક્ષનાં સાહેદ અકસ્માત સર્જનાર વાહનનો ચાલક પૂરઝડપે અને બેદરકારીભરી રીતે વાહન ચલાવતો હતો તેવી હકીકત પુરવાર ન કરે ત્યારે, તેવા સંજોગોમાં, આરોપીને સજા થઇ શકે નહીં. આમ, ઉપરોક્ત રજૂ પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.જેથી **મુદ્દા નં.૧** નો નિર્ણય ઉપર મુજબ **નકારમાં** ઠરાવી, **મુદ્દા નં.૨** અંગે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -//<u>આખરી હુકમ</u>//-

- આ કામના આરોપીને ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૮૧,૧૦૬(૨)તથા મોટર વ્હીકલ્સ એકટની કલમ-૧૭૭,૧૮૪,૧૩૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના

તહોમતમાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપીએ અગાઉ આપેલ જામીન વધૂ છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.
- સદર કામે કબ્જે કરેલ મુદ્દામાલનો અપીલ સમય બાદ યોગ્ય નિકાલ કરવો.

હુકમ આજરોજ તારીખ–૩૦ મી માહે–જુન સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૬/૨૦૨૬
સ્થળઃ ઘોઘા

**(અનમોલ શ્યામસુંદર ગોયલ)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ
ઘોઘા, જિ.ભાવનગર
(યુનિક જજ કોડ જીજે.૦૧૬૨૨)

એ.આર.મકવાણા